અપીલ અરજી નં.૬૮ તા.૭–૫ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી
(ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૭–૪–૧૧ ની અરજીથી મનભાવન ગુરૂધ્વારા પાસે, ઉધના, ધરતી નમકીન રોડ નં.૩ ઉધના ઉધોગનગર સદર બન્ને સંસ્થાઓ પાર્કીગ ન ધરાવતી હોવા છતાં તેઓની બાંધકામ પાર્કીગ પરવાનગી કાયદેસરતા વગેરેની માહિતિ બીજુ આ સંસ્થાઓએ કઈ કઈ વસ્તુઓ વેચવાનું લાયસન્સ લીધુ છે. તેની માહિતિ તથા આ સંસ્થાઓ ધ્વારા તેઓની દુકાન બહારના વિસ્તારમાં ધંધો કરે છે, તેની પરવાનગી તથા દબાણ દુર કરનારાઓએ આ બંન્ને વિરૂધ્ધ કાર્યવાહી કરી હોય તો તેની સંપુર્ણ માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૭–૫–૧૧ ની **SMC/FAP/** નં.૬૮/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૭–૪–૧૧ ની અરજીથી મનભાવન સ્વીટ ગુરૂધ્વારા પાસે, ઉધના, ધરતી નમકીન રોડ નં.૩ ઉધના ઉધોગનગર સદર બન્ને સંસ્થાઓ પાર્કીગ ન ધરાવતી હોવા છતાં તેઓની બાંધકામ પાર્કીગ પરવાનગી કાયદેસરતા વગેરેની માહિતિ બીજુ આ સંસ્થાઓએ કઈ કઈ વસ્તુઓ વેચવાનું લાયસન્સ લીધુ છે. તેની માહિતિ તથા આ સંસ્થાઓ ધ્વારા તેઓની દુકાન બહારના વિસ્તારમાં ધંધો કરે છે, તેની પરવાનગી તથા દબાણ દુર કરનારાઓએ આ બંન્ને વિરૂધ્ધ કાર્યવાહી કરી હોય તો તેની સંપુર્ણ માહિતિ આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતિ અધિકારી ઉધના ઝોનના પત્ર નં.સા.ઝોન/૫૪ તા.૨૭–૪–૧૧ થી આપેલ માહિતિ માંગ્યા મુજબ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૧૨ તા.૧૬–૫–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૭–૪–૧૧ ની અરજીથી મનભાવન સ્વીટ ગુરૂધ્વારા પાસે, ઉધના, ધરતી નમકીન રોડ નં.૩ ઉધના ઉધોગનગર સદર બન્ને સંસ્થાઓ પાર્કીગ ન ધરાવતી હોવા છતાં તેઓની બાંધકામ પાર્કીગ પરવાનગી કાયદેસરતા વગેરેની માહિતિ બીજુ આ સંસ્થાઓએ કઈ કઈ વસ્તુઓ વેચવાનું લાયસન્સ લીધુ છે. તેની માહિતિ તથા આ સંસ્થાઓ ધ્વારા તેઓની દુકાન બહારના વિસ્તારમાં ધંધો કરે છે, તેની પરવાનગી તથા દબાણ દુર કરનારાઓએ આ બંન્ને વિરૂધ્ધ કાર્યવાહી કરી હોય તો તેની સંપુર્ણ માહિતિ તથા દબાણ દુર કરનારા અધિકારીઓએ આ સંસ્થાઓ તથા અન્ય દબાણ દુર કરાવ્યા હોય અને દંડ કરાવ્યા હોય તેની માહિતી ઉપરોકત તમામ મુદ્દાઓમાં જવાબદાર/બેજવાબદાર અધિકારીઓના નામ હોદ્દા સહિતની માહિતી આપવા બાબતની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/૫૪ તા.૨૭–૪–૧૧ થી " ઉધનાઝોનના ગુમાસ્તાધારાના કોમ્પ્યુટર રેકર્ડની ચકાસણી કરતાં જણાવેલ સંસ્થા (૧) મનભાવન સ્વીટ, ઠે. ગુરૂધ્વારા ઉધના પાસે ઉધનાને મીઠાઈ વેચાણનું કામકાજ તથા (૨) ધરતી નમકીન ઠે. ઉધોગનગર ઉધનાને ફરસાણ બનાવી વેચાણનું કામકાજ કરતી હોવાનું જણાવી ગુમાસ્તાધારા હેઠળ નોંધણી કરાવેલ છે. " તેવું જણાવેલ છે. જેના સંદર્ભે અરજદાર તરફથી નિર્દિષ્ટ સમયમાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૭–૫–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદાર તરફથી અપીલના કારણો(૧) દબાણ હટાવ વિભાગ ધ્વારા આ સંસ્થાઓ ઉપરાંત અન્ય સંસ્થાઓ વિરૂધ્ધ કાર્યવાહી કે દંડની માહિતી નહીં આપવાથી (૨) આરોગ્ય અને ફુડ વિભાગની કોઈ માહિતી કે નિર્ણય ન મળવાથી (૩) આ સંસ્થાઓ પાર્કીગ નહીં ધરાવતી હોવા છતાં બાંધકામની પરવાનગીની માહિતી નહીં આપવાનું જણાવી અપીલ અરજી કરેલ છે. જે જાહેર માહિતી અધિકારી તરફથી તેવી માહિતી પૂરી પડાયેલ જણાતી નથી કે આરટીઆઈ એકટની કલમ– ૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ પણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૭–૦૪–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી ફરીયાદની હકીકતમાં જણાવેલ નહીં પુરી પડાયેલ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭ (૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પુરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ને જણાવવામાં આવે છે.

(જે. એમ.પટેલ)
ડે.કમિશ્નર (પીએન્ડડી)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૦૬–૨૦૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ